પ્રશ્ન 1 તા. 31-3-2018 ના રોજ નુ સમીર લિ.નુ પાકુ સરવૈયુ. (15)

| જવાબદારીઓ | Rs | મિલકતો | Rs |
|---|---|---|---|
| 12,000 ઇક્વિટી શેર દરેક Rs 100 નો પુરો ભરપાઇ | 12,00,000 | જમીન અને મકાન | 25,00,000 |
| 11% રિડીમેબલ પ્રેફરન્સ શેર દરેક Rs 10 નો, શેરદીઠ Rs 8 ભરપાઇ | 4,80,000 | ફર્નિચર | 9,20,000 |
| 12% રિડીમેબલ પ્રેફરન્સ શેર દરેક Rs 10 નો પુરો ભરપાઇ | 3,60,000 | રોકાણો | 2,40,000 |
| સામાન્ય અનામત | 18,00,000 | બેન્ક સિલક | 6,00,000 |
| ન.નુ.ખાતુ | 60,000 | | |
| જામીનગીરી પ્રિમીયમ | 78,000 | | |
| અન્ય દેવા | 2,82,000 | | |
| | 42,60,000 | | 42,60,000 |

ઉપર ની તારીખે કંપની ધારાની જરુરી જોગવાઇઓનુ પાલન કરીને કંપનીએ બન્ને પ્રકારના રિડીમેબલ પ્રેફરન્સ શેર 10 % પ્રિમીયમે પરત કરવાનુ નકકી કર્યુ. રોકાણો Rs.1, 80,000 મા વેચ્યા. ધંધામા રોકડ સિલક Rs 42,000 રાખવાની છે. આ હેતું માટે જરુરી સંખ્યામા 13 % ના કયુમ્યુલેટિવ પ્રેફરન્સ શેર દરેક Rs 100 નો 10% પ્રિમીયમે બહાર પાડયા..

કંપની એ પ્રેફરન્સ શેર પરત કર્યા બાદ ઉદભવતા પ્રિમીયમ નો ઉપયોગ ઇક્વિટી શેરહોલ્ડરોને પૂરા ભરપાઇ બોનસ શેર આપવા નકકી કર્યુ..

જરુરી આમનોંધ લખી નવુ પાકુ સરવૈયુ તૈયાર કરો..

અથવા

(A) રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવાની જોગવાઇઓ સમજાવો. (10)

(B) બોનસ શેરના પ્રાપ્તિસ્થાનો સમજાવો. (05)

પ્રશ્ન 2 (A) અયાન લિ.ની તા. 31-3-2018 ના રોજની બાકીઓ (10)

8 % ગીરો ડિબેન્ચર્સ Rs 2,00,000

ડિબેન્ચર પરત નિધિ Rs 2,20,000

<u>ડિબેન્ચર પરત નિધિ ના રોકાણો</u>

9% ની ગુજરાત સરકારની લોન (દાર્શનિક કિંમત Rs.1,20,000) Rs 1,15,000

10% ની કેન્દ્ર સરકારની લોન (દાર્શનિક કિંમત Rs 1,00,000) Rs 1,05,000 2,20,000

તા. 1-4-2018, ના રોજ 9% ની ગુજરાત સરકારની લોન 10 % પ્રિમીયમે વેચી અને 10% ની કેન્દ્ર સરકારની લોન 2% વટાવે વેચી. અને તે જ દિવસે ડિબેન્ચર્સ 10% પ્રિમીયમે પરત કર્યા. કંપની ના ચોપડે ડિબેન્ચર પરત નિધિ ખાતુ અને ડિબેન્ચર પરત નિધિ ના રોકાણો નુ ખાતુ તૈયાર કરો.

(B) આઇ.વી. લિ.તા. 1-4-2018 ના રોજ 12% ના 5000 ડિબેન્ચર્સ દરેક Rs 100 નો એવા મૂળ કિંમતે બહાર પાડે છે. 10 વર્ષ પછી 10 % પ્રિમીયમે પરત કરવાના છે. (05)
ડિબેન્ચર્સ બહાર પાડવાની અને પરત કરવાની આમનોંધ આપો.

**OR**

પ્રશ્ન 2 (A) ડિબેન્ચર્સના પ્રકારો સમજાવો (07)

(B) સારિમ લિ. તા 1-1-2015 ના રોજ 2000, 13% ના ડિબેન્ચર્સ દરેક Rs 100 નો 4.5% વટાવે બહાર પાડે છે. નીચે પ્રમાણે મૂળ કિંમતે પરત કરવાના છે. (08)